GJBK020062422026 ક્રિ.પર.અરજ નં.૩૧૩/૨૦૨૬

**પાલનપુર શહેર પુર્વ પો .સ્ટે.ગુ.રજી.નં.૧૧૧૯૫૦૩૪૨૬૦૦૪૩/૨૦૨૬, બી.એન.એસ.ની કલમ–૩૦૫(એ), ૫૪ મુજબના ગુનાના કામે અરજદાર/ આરોપી–સાહિલભાઈ કાળુભાઈ ઠાકોરનાઓની જામીન અરજી લગત હુકમઃ**

---

- જામીન અરજી વંચાણે લીધી.જામીન અરજી પરનો અત્રેની કોર્ટના એ.પી.પી.શ્રીનો શેરો ધ્યાને લીધો. એફ.આઈ.આર તથા સાધનિક કાગળો ધ્યાને લીધા.સાંભળ્યા.

- અરજદાર/આરોપી તર્ફે મુખ્યત્વે તેઓની જામીન અરજી મુજબની રજુઆત કરેલ છે અને વધુમા તેઓએ આરોપીને જામીનમુક્ત કરવા અરજ ગુજારેલ છે જ્યારે ફરીયાદપક્ષે એ.પી.પી.શ્રીએ જામીનઅરજી પર શેરો કરી જામીનઅરજી મંજુર કરવા સામે વાંધો દર્શાવેલ છે.

- ઉભયપક્ષની રજુઆતો તથા સાધનિક કાગળો અને કાયદાની જોગવાઈઓ ધ્યાને લેવામા આવે તો હાલના આરોપી સામે બી.એન.એસ.ની કલમ–૩૦૫(એ), ૫૪ મુજબનો ગુનો કર્યાનો આક્ષેપ છે તેમજ સદર ગુનાની સજાની જોગવાઈ ધ્યાને લેવામા આવે તો આ ગુનાની સજાની જોગવાઈ ૭ વર્ષ સુધીની છે યાને કે આરોપી સામે આક્ષેપાયેલ ગુનાની સજાની જોગવાઈ દેહાંતદંડ કે આજીવન કેદની નથી. વધુમાં, હાલના આરોપીએ આવા પ્રકારના અન્ય ગુના કરેલ હોઈ કે આરોપી આવા પ્રકારના ગુનામા અગાઉ તક્સીરવાન ઠરેલ હોય તેવુ તથા હાલનો આરોપી ટ્રાયલ દરમિયાન મુદતે હાજર રહેવાની શક્યતા નહિવત હોય તેવુ ફરીયાદપક્ષ રેકર્ડ પર લાવી શકેલ નથી તેમજ તે ઉપરાંત, હાલના ગુનાનો મુદ્દામાલ હાલના આરોપી પાસેથી રીકવર કે ડીસ્કવર થયેલ હોય તેવી હકીકત પણ ફરીયાદ પક્ષ રેકર્ડ પર લાવેલ નથી તેમજ સદર કેસની ટ્રાયલ ચાલતા પણ સમય

લાગે તેમ છે જેથી સદર ગુનાની ગંભીરતા, સજાની જોગવાઈ અને આરોપીની હાજર રહેવાની શક્યતા ધ્યાને લેતા આરોપીની તરફેણમા વિવેકાધીન સત્તા વાપરી આરોપીને જામીનમુક્ત કરવો વ્યાજબી ન્યાયોચીત જણાય છે જેથી આરોપીની હાલની જામીન અરજી લગત ન્યાયના વિશાળ હિતમા નીચે મુજબનો હુકમ કરવામા આવે છે.

**-: હુકમ :-**

હાલના આરોપીની હાલની જામીન અરજી આથી મંજુર કરવાનો હુકમ કરવામા આવે છે અને આરોપીએ રૂ.૫૦,૦૦૦/- ના જામીન તથા તેટલી જ રકમનો જાતમુચરકો રજુ કર્યેથી નીચેની શરતોને આધીન આરોપીને જામીન પર મુક્ત કરવાનો હુકમ કરવામા આવે છે.

- **શરતોઃ-**

(૧)આરોપીએ નિયમિત ટ્રાયલ દરમિયાન કોર્ટમા હાજર રહેવુ.

(૨)આરોપી તથા જામીનદારે પોતાનુ કાયમી તથા હાલનુ સરનામુ તથા મોબાઈલ નંબર અલગ પુરસીસથી રજુ કરવુ.

(૩)આરોપીએ ફરીયાદપક્ષના સાહેદો સાથે ચેડા કરવા નહિ.

તા.૧૦-૦૩-૨૦૨૬
મુ.પાલનપુર

**(સંદીપકુમાર જગદીશભાઈ ઠક્કર)**
ચોથા એડી.ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ,
પાલનપુર
(કોડ નં. જીજે.૦૧૨૭૭)